વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૭ : અંક - ૧૪ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જુલાઈ ૨૨, ૨૦૧૯

# હમ હોંગે કામયાબ

## [આઈ. એલ. ઓ.ની પરિષદમાં 'સેવા']

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા દ્વારા બીજા વિશ્વ યુદ્ધ પછી દર વર્ષે જીનીવામાં યોજાતી ઇન્ટરનેશનલ લેબર કોન્ફરન્સમાં બે એજન્ડા ખૂબ અગત્યનાં હતાં. એક તો 'ફ્યુચર ઓફ વર્ક' (કામનું ભવિષ્ય) ઉપરનું ડેકલરેશન અને બીજો એજન્ડા તે 'કામના સ્થળે હિંસા'. કામના સ્થળે હિંસાના એજન્ડા પર ચર્ચાનું આ બીજું વર્ષ હતું. જેને અંતે આઈ. એલ. ઓ. કન્વેન્શન નંબર ૧૯૦ પસાર થયું. કન્વેન્શન કાનૂની બળ ધરાવે છે. સભ્ય દેશોમાં તે 'રેટીફાય' થશે. માલિકોએ વિરુદ્ધમાં વોટ આપ્યા હતાં જે નોંધનીય છે.

'સેવા'એ આ બન્ને એજન્ડાની ચર્ચામાં આગેવાની લીધી અને આ અનુભવ સહુની જોડે વહેંચવા, સમજ માટે ૯.૭.૨૦૧૯ના રોજ એક મિટીંગ રાખી. સેવા નેશનલ કાઉન્સિલની મીટીગ પણ ટાંકણે હતી જેથી, ૧૭ રાજ્યોનાં સેવા નેશનલ કાઉન્સિલના પ્રતિનિધિઓ પણ આ મીટીગમાં હાજર રહ્યા હતા.

પૂર્વ ભૂમિકાથી શરુઆત કરતાં જણાવ્યું કે, આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા તે દુનિયાભરમાં કામદારો માટે નીતિ ઘડવાનું કામ કરનાર સર્વોચ્ચ ત્રિપક્ષી સંસ્થા છે જેમાં આઈ.એલ.સી માં કામદારો માટે અગત્યનાં, નીતિ ઘડવા માટેની બાબતો એજન્ડા પર ચર્ચાય અને આના ઉપરથી કાંતો ભલામણો પસાર થાય કાંતો માર્ગદર્શિકા પસાર થાય જે આઈ.એલ.ઓના સભ્યદેશોને લાગુ પડે અને આ સભ્યદેશો પોતાના દેશની પરિસ્થિતિને ધ્યાનમાં લઈને દેશના કામદારો માટે નીતિ – કાયદા – માર્ગદર્શિકા- ભલામણો ઘડે.

આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા સાથે 'સેવા'નો સંબંધ ખૂબ જુનો રહ્યો છે તેમજ સેવાનું યોગદાન પણ ઘણું રહ્યું છે. ૧૯૯૫માં સેવામાં આઈ.એલ.ઓ.ની એક ટીમ આવેલી તે જાણવા માટે કે ઘરખાતા કામદારના અર્થ શું? તેઓ શું કામ કરે છે અને ત્યાર પછી, તેમણે ઘરખાતા કામદારો માટેનો કાર્યક્રમ સેવાને આપ્યો. આ જોડાણ મહત્વનું રહ્યું. ત્યારબાદ, ૧૯૯૬માં ઘરખાતા કામદારો માટેનું કન્વેન્શન ૧૭૭ પસાર થયું જેમાં ઈલાબેન – રેનાબેનનું ખૂબ મોટું યોગદાન રહ્યું. વર્ષ ૨૦૦૦માં અસંગઠિત કામદારોની વ્યાખ્યા શું હોવી જોઈએ તે ખૂબ કઠિણ હતી જે કામ રેનાબેને સુપેરે પાર પાડયું. ત્યારબાદ, ઘરેલું કામદારો(ડોમેસ્ટીક વર્કર્સ)ના કન્વેન્શન થયું જેમાં, સેવા કેરલનાં નલીનીબેનની આગેવાની રહી. અસંગઠિત ક્ષેત્રના કામદારોનું સંગઠિત ક્ષેત્ર ભણી પ્રયાણની ભલામણ વર્ષ ૨૦૦૪માં પસાર થઇ જેમાં સેવાનાં સલાહ-સૂચનો- ને ખૂબ સ્વીકૃતિ મળી. બહુ કઠણ પ્રક્રિયા બે વર્ષની રહી ત્યારે આગેવાની મનાલી– જ્યોતિબેન – સોનિયાબેનની રહી અને રેનાબેનની સલાહ-સૂચનો મહત્વનાં રહ્યા. આઈ.એલ.ઓ.માં આ સહુથી પહેલી ભલામણો હતી જે સમગ્ર અસંગઠિત ક્ષેત્રને લાગુ પડી. આઈ.એલ.ઓ.માં પહેલીવાર આવું થયું. ત્યારબાદ સપ્લાઈ ચેઈન પરની મહત્વની ચર્ચામાં જ્યોતિબેન – સોનિયાબેને ભૂમિકા ભજવી. બાંધકામ કામદારો, રૂરલ ઈકોનોમી, ઈ-વેસ્ટ રીસાઇકલર્સ ઉપરનાં

ગ્લોબલ ડાયલોગ આઈ.એલ.ઓ.માં થયાં જેમાં 'સેવા'નો અનુભવ ગણનાપાત્ર રહ્યો. આમ, આ તો મુખ્ય ઈશ્યુઝ઼ની વાત કરી. પણ, આમ પણ 'સેવા'નો આઈ.એલ.ઓ. સાથેનો ઈતિહાસ ખૂબ જૂનો તેમજ મહત્વનો રહ્યો છે.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થાને ૧૦૦ વર્ષ પુરા થયાં. ૧૦૦ વર્ષ પહેલાં આઈ.એલ.ઓ.નું 'ફિલાડેલ્ફીઆ ડેકલરેશન' થયું જે આઈ.એલ.ઓ.ની માર્ગદર્શિકા સમાન રહ્યું. હવે, પછીના ૧૦૦ વર્ષમાં કામનું ભવિષ્ય શું? તેનું એક ડ્રાફ્ટ ડેકલરેશન આઈ.એલ. સી.ના એજન્ડા પર મૂકાયું. પણ, તે પહેલાં આઈ.એલ.ઓ. એ 'કામના ભવિષ્ય' માટે એક ગ્લોબલ કમીશન નીમાયું જેમાં, 'સેવા'નાં રીમાબેનની એક કમિશનર તરીકે નિમણૂંક થઇ હતી. આને મહત્વની ઐતિહાસિક ઘટના કહી શકાય. તેમણે દોઢ વર્ષ આમાં કામ કર્યું અને તેમના અનુભવોમાં જણાવ્યું કે, અસંગઠિત શ્રમિક મહિલાઓનું યુનિયન આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (યુ.એન. સમકક્ષ)માં પોતાના મહત્વના સ્થાને બળને આધારે પોતાના પ્રતિનિધિત્વ કરે, આનું નામ શ્રમનું ગૌરવ, ડીગ્નીટી ઓફ લેબર. ૨૦૧૭ની સાલમાં 'કામના ભવિષ્ય' માટે ગ્લોબલ કમીશનની રચના કરી. કમિશનમાં કુલ ૨૭ સભ્યો કમિશનરો અને તેનાં કો-ચેર સ્વીડનનાં વડાપ્રધાન લોફેન રહ્યાં. રીમાબેન કહે છે, મારા માટે આ મોટી જવાબદારી હતી કારણકે, આમાં અસંગઠિત કામદારોની તો કોઈ વાત જ ન હતા કરતાં. તેમની ગણતરી જ ન હતી. એમની કઈ સમસ્યાઓ છે, એમના માટે ભવિષ્યમાં શું કરવું તેની વાત કરનાર આપણા સિવાય કોઈ ન હતું.

''બીજા કમિશનરો હતાં તે તો દુનિયાના મોટા માલિકો હતાં અથવા સરકારનાં પ્રતિનિધિઓ જેવાંકે, ઇટાલી, જર્મની – રશિયાનાં નાણામંત્રીઓ, ચીનનાં – જાપાનમાં – દક્ષિણ આળિકાનાં અર્થશાસ્ત્રીઓ હતાં. એક એક શબ્દો પર ચર્ચા ચાલે. દોઢ વર્ષ સુધી કમિશનમાં કામ કર્યું. તેમાં નીતિને લગતાં ક્યાં મુદ્દા? તેમજ ભવિષ્યને ધ્યાનમાં રાખીને કેવા પ્રકારની નીતિ હોવી જોઈએ, જે ક્ષેત્રમાં કામ વધવાનું છે, કયું ક્ષેત્ર એવું હશે કે જ્યાંથી કામદારોનું કામ છીનવાશે. પણ, દુનિયાના ૬૪% અસંગઠિતક્ષેત્રના કામદારોની ચિંતા આમાંથી કોઈને ય ન હતી. કેમ કે શ્રમિકોનો આ વર્ગ તેઓ માટે 'અદ્રશ્ય' હતો.

'મારી પહેલી મિટીગ તે ગયા વર્ષના ઓક્ટોબરમાં ... મોટી-મોટી ટેકનોલોજીની વાત – મંત્રીઓ- વિદ્વાનો – મોટી કંપનીઓ વાળા બોલતાં હતાં. સવારના ૮ઃ૩૦ થી શરુ થયેલી મિટીગ તે મેં બપોરના ૩ સુધી તો સાંભળ્યું અને લાગ્યું કે, આ તો કામદારોનું ચિત્ર નથી. અને મેં ઝૂકાવ્યું કે, સવારથી અહીં જે વાત થાય છે તેમાં અમારા કામની તો કોઈ વાત જ નથી હોતી! બધાને નવાઈ લાગી કે આ બેન શું બોલે છે....! મેં કહ્યું કે, અમારા દેશમાં જે સમસ્યા/તકલીફો છે તેની વાત મારે કરવી છે. બધા નવાઈ પામ્યાં કે, આ બેન શું કહે છે? આપણી વાતનો વિરોધ ખૂબ થયો. કહે કે, અમારા દેશમાં તો આવા ૧% - ૨% જેવાં જ કામદારો છે. જેની તમે વાત કરો છો. બીજાં તો સંગઠિત ક્ષેત્રનાં – તેમની તકલીફો એકદમ અલગ છે. તેમ છતાં, મેં કહ્યું કે, મારા દેશના ૯૩% કામદારો અને એવા બીજાં ઘણા દેશ છે જેમાં આ કામદારો છે, માટે મારી વાત તો સાંભળવી જ પડશે. આઈ.એલ.ઓ. ના અધિકારીઓ ખુશખુશાલ.... મારા પર ચિઠ્ઠીઓ આવવા માંડી કે, સમય આપે કે ના આપે વાત કરજો જ....

આના પછી ગ્લોબલ કમીશનની બે મિટીગ થઇ. ત્યારે મેં વાત મૂકી કે, ''સેવા''ના સ્થાપકને બોલાવો અને બીજી મિટીગમાં ઇલાબેનને આમંત્રણ મળ્યું. ઇલાબેને આઇ. એલ. ઓ.માં એક દિવસમાં તેમના ત્રણથી ચાર પ્રવચનો આવ્યા.

ત્યારબાદ, જ્યોતિબેન અને અર્જુનભાઈ કે જેમણે 'કામના ભવિષ્ય'ના ડેકલરેશનની ૧૫ દિવસની ચર્ચામાં ભાગ લીધાં તેમણે પોતાનાં અનુભવની વાત કરતાં સેવાનાં જનરલ સેક્રેટરી જ્યોતિબેને કહ્યું, 'ડેકલરેશન કે જે હવે પછીનાં ૧૦૦ વર્ષ માટે આઈ.એલ.ઓ. માટે આધારભૂત ગણાશે તેમાં આપણી હાજરી હોવી અને અસંગઠિત ક્ષેત્રના મુદ્દાઓ રહી ના જાય તે માટે જવું ખૂબ જરૂરી હતું. અહીની કામની પદ્ધતિ એવી છે કે, આ ત્રિપક્ષીય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘના મકાનમાં આઈ.એલ.સી દર વર્ષે મળે અને ત્રિપક્ષીય હોવાથી, પહેલાં ત્રણે ગ્રુપ માલિકો – સરકાર – યુનિયનો બધા એક સાથે પ્લેનરીમાં મળે – એજન્ડા પ્રમાણે જૂદા-જૂદા રૂમમાં બેસીને ચર્ચા કરે. મારું તો એ જ ફોકસ કે, ચર્ચા દરમ્યાન અસંગઠિતક્ષેત્રના કામદારોની વાત જે રહી જાય તે ડેકલરેશનમાં આવી જાય. જે મુદ્દા આવી ગયાં છે ડેકલરેશનમાં તે નીકળી

ના જાય તેના માટે વર્કર્સ ગ્રુપમાં ડ્રાફ્ટ ડેકલરેશનના ક્લોઝીસની ચર્ચા થઇ તેમાં આપણું યોગદાન ખુબ રહ્યું અને ચર્ચા દરમ્યાન કેટલાંક અગત્યના મુદ્દા રહી ગયેલાં તે, ધ્યાન રાખીને ઊમેરાવ્યા. દા.ત. રૂરલ ઈકોનોમી ડ્રાફ્ટ ડેકલરેશનમાં હતું પરંતુ, જ્યારે ડ્રાફ્ટ ડેક્લેરેશ ફાયનલ થયું ત્યારે તે નિકળી ગયું! જે અમે ઉમેરાવ્યું.

આપણા મુદ્દાઓ માટે ખૂબ લોબિંગ એડવોકેસી કરી. સરકાર સાથે અને બીજા યુનિયનો સાથે તેમાં આપણને ઠીક-ઠીક સફળતા મળી.

અર્જુનભાઈ પોતાનાં અનુભવો વર્ણવતા કહ્યું, 'આઈ.એલ.ઓ.માં જવાનો મારો પહેલો અનુભવ અને આવી ચર્ચામાં ભાગ લેવાનો પણ પહેલો મોકો.... ખૂબ ઉત્સાહિત હતો. પ્રોસેસની વાત કરું તો ડ્રાફ્ટ ડેકલરેશન અમારા પાસે હતું. ડ્રાફ્ટમાં હતું કે, અસંગઠિત ક્ષેત્રને સંગઠિત બનાવવાનું! અરે, અમે તો અચંબામાં પડી ગયાં કે, આ શું છે? અસંગઠિત ક્ષેત્રતો હવે દુનિયામાં વધવાનું તેને ઓછું કરવાનું? પણ, અમે હિમ્મત ના હાર્યા! આ વખતે અસંગઠિતનું સંગઠિત ભણી પ્રયાણની ભલામણ – ૨૦૪ નો આધાર લીધો. બહુ મથામણો કરવી પડી કારણકે, લોકો માનવા તૈયારજ નહી કે, અસંગઠિત ક્ષેત્રના આવા પ્રશ્નો હોય! બીજો એક મુદ્દો તે કામદારોની સામાજિક સુરક્ષા સોશિયલ સિક્યુરિટી. આ આખી વાત જ સરકારના પ્રતિનીધઓએ ડેકલરેશનમાંથી બાદ કરવાની નક્કી કરી હતી. પણ, અમે પણ બરાબર લોબિંગ કર્યું અને તે ડેકલરેશનમાં મુકાવ્યું. એક જે મુદ્દામાં સફળતા ના મળી તે આપણાં સ્વાશ્રયી કામદારો માટે મીનીમમ ઇન્કમ ઉમેરાવી હતી જે ના થઇ શક્યું... પણ, આ જ તો ત્રિપક્ષીય વ્યવસ્થા છે ને? ખૂબ મથવું પડે....'

'કામના સ્થળે હિંસા'ના એજન્ડા પર સોનિયાબેને કહ્યું કે, આ બે વર્ષ સખત મહેનત કરવી પડી છે. આઈ. એલ. ઓ. કન્વેન્શન ઘડવા માટે બે વર્ષ તેના પર ડીબેટ થાય. પછી વોટીંગ પર મુકવામાં આવે છે. ગયા વર્ષે તો આ મુદ્દા પર બહુ બોલા બોલી થઇ હતી. આવી જ મહેનત ઘરખાતા કામદારોના કન્વેન્શન ૧૭૭ વખતે પડેલી, ૧૯૯૫-૧૯૯૬ અને આ વર્ષે હવે બીજું કન્વેન્શન. ખૂબ કઠિન હતું આ કામ. આ એજન્ડાના ટાઈટલ માટે પણ ખૂબ માથાકૂટ થઇ. ૨૦૧૫માં આવ્યું કે, કામના સ્થળે બહેનો સાથે થતાં અત્યાચાર. પાછી ચર્ચાઓ – બોલચાલ અને તે બદલાયું કે, બહેનો અને ભાઈઓ પર અત્યાચાર. પાછી ચર્ચાઓ – બોલચાલ. પાછું બદલાયું કે, કામની જગ્યા પર બહેનો અને ભાઈઓ પર અત્યાર વળી પાછી ચર્ચાઓ – બોલચાલ અને અંતે બધા એકજૂટ થઇ સહમતીથી કર્યું કે, 'કામની જગ્યા પર હિંસા', વાયોલન્સ એટ વર્ક પ્લેસ. છે ને રસપ્રદ...?!

ગયું વર્ષ બહુ અઘરું રહ્યું. માલિકોના બહુ જ વિરોધ રહ્યો. 'હિંસા'ની વ્યાખ્યા શું? માલિકો એક થઈને કહે કે, અમે જે કહીએ તે વ્યાખ્યામાં આવે. કામદારોનાં પ્રતિનિધિઓએ વિરોધ કર્યો. માલિકો વિફર્યા અને કહે કે, આ કન્વેન્શન જ અમે નહી લાવવા દઈએ. અમે વિરોધ કરીશું આ ચર્ચાઓ સવારે નવ વાગે શરુ થાય અને રાત્રે બાર-એક વાગ્યા સુધી ચાલે. આઈ.ટી.યુ. સી., યુનિયનોનો આંતરરાષ્ટ્રીય સંઘનો આમાં ફાળો મોટો રહ્યો. આ અનુભવે તેમણે પોતાની રીજીનલ ઓફિસો સાથે સંકલન કરીને દરેકે-દરેક દેશોમાં ચળવળ ચલાવી. દેશોની સરકારો સાથે વાટા-ઘાટો થઇ. વળી, ટ્રાન્સજેન્ડરને આમાં લાવો –વગેરે વગેરે.... આફ્રિકાના ૬૭ દેશોની બહુમતી મળી ત્યારે આ કન્વેન્શન પસાર થયું. હાશ.....

અંતે, ઈલાબેને હાર્દિક અભિનંદન, ધન્યવાદ આપતા સમાપનમાં કહ્યું કે ખૂબ મહેનત કરતાં આવ્યા છીએ, દરેક સ્તરે આપણે મહેનત કરીએ પણ થાકયાં નથી. સફળ કે નિષ્ફળની આપણને પરવા નથી. બેઉમાંથી આપણે સંતોષ અને આનંદ અનુભવ્યો છે. સચ્ચાઈથી કરેલી મહેનત કદિ નિરાશા ના ઊપજાવે, ઊલટાંનો ઊત્સાહ વધારે છે. અને મહેનત વિના ક્યાં આપણો છૂટકો છે? ડેકલેરેશનમાં 'કોઑપરેટીવ' ઊમેરાવ્યું અને બધાએ સ્વીકાર્યું પણ ખરું એ જાણીને મને સૌથી વધુ આશ્ચર્ય અને ઊંડો આનંદ થયો. કોઑપરેટીવ વિના યુનિયન અધૂરું છે. ખાસ કરીને અસંગઠિત વર્ગના શ્રમિકો માટે, બહેનો માટે વળી ખાસ અને ત્યાં જ હું મહિલાઓની લીડરશિપ જોઉં છું. સ્થાનિકથી માંડીને ગ્લોબલ સ્તર સહિત. ચાલો, ડેકલેરેશન અને કન્વેન્શનમાં મેળવેલી સફળતાને દેશમાં સ્થાનિક સ્તરે કામયાબ કરવાની મહેનતમાં લાગી જઈએ.

ઈલાબેને 'વિશ્વસ્તરના કામદારો સંગઠિત થાઓ' 'વર્કર્સ ઓફ ધ વર્લ્ડ યુનાઈટ'ના સ્લોગન અને આઈ એલ ઓના અનુબંધનો ઈતિહાસ સમજાવ્યો અને ડેકલેરેશનમાં 'ઓલ વર્કર્સ' શબ્દ ઊમેરાવ્યો અને વિશેષ તો ઇન્ફોર્મલ વર્કસનો (અસંગઠિતનો) 'ઓલ' સાથે સંદર્ભ મેળવ્યો અને ફોર્મલ સાથે ઇન્ફોર્મલને એક લેવલ પર સાથે મૂક્યા. આ બાબત જ પ્રગતિશીલ છે. એક શબ્દ ઊમેરવાની કેવી જબરજસ્ત 'મારામારી' હોય છે તે આઈ. એલ. ઓ.ના અનુભવોનું વર્ણન કર્યું.

ઈલાબેન એક ખૂબ જ જાણવાલાયક જૂની બીના વાતવાતમાં બોલ્યા. તે મહાજનમાં હતાં ત્યારથી જીનીવા આઈ. એલ. ઓ.ની મુલાકાત લેતા હતા. એક વાર તેમણે અસંગઠિત વર્ગના  કામદારોનાં સંગઠનની વાત કરી ત્યારે ત્યાંના ડાયરેક્ટરે કહ્યું કે 'મિસિસ ભટ્ટ, યુ આર અહેડ ઓફ ટાઈમ', તમે સમયથી બહુ આગળ છો. આવું સાંભળી યુવાન ઈલાબેન આ વિધાન સમજ્યા નહિ. તેમણે તો કહ્યું કે હું તો વાસ્તવિકતા આજના શ્રમિકોની વાત કરું છું! આ વાત ૧૯૭૨ની છે.

અંતમાં, સૌ ખૂશખૂશાલ પ્રફુલ્લિત થયેલાં બહેનોએ જોર શોરથી ગાયું ''અમે પાર કરીશું'' અને એક અવાજે ''હમ સબ એક હૈ''નો નારો લગાવ્યો.

આ છે હેવાલ અમારા યાદગાર પ્રસંગનો!

**- મનાલી**

❑

# સરકારી યોજનાઓના લાભ મેળવવા માટે પાર પાડવાના અઘરા પગથિયા!!!

સામાજિક સુરક્ષા માટે સરકારશ્રીની ઘણી બધી યોજનાઓ છે, જેને મેળવીને, અસંગઠિત ક્ષેત્ર સુરક્ષા મેળવી શકે છે. પરંતુ, આ સેવા કે યોજનાઓનો લાભ મેળવવો એ અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે લોઢાના ચણા ચાવવા જેવું બની જાય છે. એક યોજનાનો લાભ મેળવવા કેટલી આંટી-ઘુટીમાંથી પસાર થવું પડે છે ત્યારે, તે યોજનાનો લાભ મેળવે છે.

આરોગ્યની યોજનાઓની જ્યાં આ માહિતીનો અભાવ હોય છે તેમને માહિતી પહોંચાડવાનું કામ અમે કરીએ છીએ.

સુરત જિલ્લાના પાંડેસરા તાલુકામાં 'સેવા'નું આરોગ્યનું કામ ચાલે છે. પાંડેસરા શહેરનાં અલગ-અલગ વિસ્તારોમાં ઘરે-ઘરે જઇને બહેનોને આરોગ્યની સાથે-સાથે સરકારી યોજનાઓથી માહિતગાર કરીએ છીએ. પાંડેસરાના લક્ષ્મીનગરમાં રહેતા સરોજબહેન નરેન્દ્રભાઇ તિવારી પોતાના અનુભવની વાત કરતાં કહે છે કે, હમ ઘર સંપર્ક કર રહે થે. કામગારો કે પાસ રાશનકાર્ડ નહી થા. હમને સમજાયા પર બહન કે સમજ મેં નહી આયા. પર જબ, ઉસકી બહન બિમાર હુઇ તબ દવાખાને મેં રાશન કાર્ડ માંગા. તભી બહનને રાશન કાર્ડ દિયા પર ઉસમે સિર્ફ ઉનકે પતિ કા નામ હી થા, બહન કા નામ નહી થા. અબ ક્યા કરે બહોત ધક્કે ખાયે બનિયે કી દુકાન કે. તબ જાકે પતા ચલા કી, ઉનકા નામ રાશનકાર્ડ મેં નહી હૈ, અબ મુશ્કીલી થી કી સરોજબહન તિવારી કે ઔર રાશનકાર્ડ મેં પાંડેય હૈ! ઉન્હોને બહુમડી મેં જાકર ઉનકા નામ અલગ-અલગ કરને કા ફોર્મ ભર દીયા. ૧૫ દિન કે બાદ રાશનકાર્ડ મિલા, ફિર ઉધના ખાતે મેં ફોર્મ જમા કર દિયા! ૨ દિનમેં હી રાશનકાર્ડ બન ગયા!

સરનેમ મેં મુશ્કીલી હુઇ થી, તો એફિડેવિટ કરવાયા ઔર આવક કા દાખીલા નિકાલા જો તુરંત મિલ ગયા. ફિર દો દિન કે બાદ 'વાત્સલ્ય કાર્ડ' કે લિયે ગયે, વો કાર્ડ ભી નિકલ ગયા ઔર બહન કે ઇલાજ મેં કામ આયા. થોડે દિન કે બાદ ઉનકે પતિ કો ડાયાબિટીસ હુવા થા! ઉસમેં ભી કામ ચલ ગયા!

તબ ઉનકો સમજ આયા કી વો આરોગ્ય વાલી બહન કહતી થી તબ ધ્યાન નહી દીયા થા રાશન કાર્ડ બનાને મેં જબ ઘરમેં બિમારી આયી તબ માલૂમ હુઆ કી ક્યા કરના હૈ.

થોડા દિવસ પહેલા જ મળ્યા ત્યારે વાત થઇ કે આવી તકલીફ પડે છે સરકારી કામોમાં.

**- મંગલા**

❑

# પર્યાવરણ દિન નિમિત્તેઃ પર્યાવરણનું જતન

પર્યાવરણની સુરક્ષા અને સંરક્ષણના હેતુથી ૫ જૂનને 'વિશ્વ પર્યાવરણ દિન' તરીકે પુરા વિશ્વમાં મનાવવામાં આવે છે .

'પર્યાવરણ' શબ્દનું ચલણ કદાચ છેલ્લા કેટલાક વર્ષોથી ખૂબ જ પ્રચલિત અને વૈશ્વિક સ્તરે ચર્ચાસ્પદ રહ્યું છે. પર્યાવરણ એટલે આપણી આજુબાજુનું વાતાવરણ. આ વાતાવરણમાં જો સંતુલન ખોરવાય તો સમગ્ર જીવસૃષ્ટી માટે જીવન ખતરારૂપ નીવડે. કુદરતી પ્રકૃતિ જેવી કે સમગ્ર માનવજીવન સાથે સંકળાયેલ તમામ સજીવો, વૃક્ષો, વનરાજી, નદી અને પર્વતોનું માન ભર્યું સ્થાન છે. પરંતુ માનવ પ્રગતિના નામે પોતાના સ્વાર્થ ખાતર પ્રકૃતિને દૂષિત કરી સ્વયં સર્વનાશ તરફ દોટ મૂકી રહ્યા છીએ. જેનાથી માનવજીવન અને તમામ સજીવ સૃષ્ટિનું જીવન ખતરારૂપ થયું છે. આધુનિક માનવસમાજ માટે પર્યાવરણ અસંતુલન એ મોટી સમસ્યા છે. વૈશ્વિક તાપમાનમાં વધારો થઇ રહ્યો છે. આમ પર્યાવરણની ગંભીર બનેલી સમસ્યા પ્રત્યે લોકોને જાગૃત કરવા ઈ.સ. ૧૯૭૨થી દર વર્ષે ૫મી જુન 'પર્યાવરણ દિન' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવાય છે.

ખાસ આપણે જોઈએ છીએ કે હાલના સમયમાં વાતાવરણમાં બદલાવ આવી રહ્યા છે. વધારે પડતી ગરમી, અણધાર્યો વરસાદ તેના કારણે આપણી ખેતી અને જીવનશૈલી પર બહુ મોટી અસર થઇ રહી છે. આ માઠી અસરને રોકવા માટે આપણે પર્યાવરણ દિવસે જ પર્યાવરણનું જતન કરતા નથી પણ, આ કામને આપણા રોજીંદા કામ સાથે વણી લીધું છે.

આપણા સભ્ય બહેનો ખાસ ખેતી અને પશુપાલન સાથે જોડાયેલ છે. તો 'સેવા' પણ આ કામને આગળ લઇ જવા બહેનો ને સાથે રાખી ઝૂંબેશો ચલાવે છે. વનીકરણ ઝુંબેશ, ખેતી ઝૂંબેશ, હરિયાળી ઝૂંબેશ ... ખેતીમાં બહેનો વધારે છાણીયું અને વર્મી કમ્પોસ્ટ જાતે બનાવીને વાપરે .આ ઉપરાંત કેટલાક બહેનો તો લીમડાનો અર્ક, દીવેલીનો ખોળનો પણ ખાતર તરીકે ઉપયોગ કરે છે. આ ઉપરાંત વનીકરણ ઝૂંબેશ અંતર્ગત બહેનો અલગ અલગ પ્રકારની ઔષધીઓ અને ફળાઉ વ્રુક્ષોનુ વાવેતર કરે છે. આમ 'સેવા'ના સંકલિત અભિગમ સાથે બહેનો કામ કરી પોતની રોજગારી પણ મેળવે છે.

આ વર્ષે 'સેવાની બહેનો દ્વારા અલગ-અલગ રીતે ગુજરાતના ૯ જીલ્લામાં પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી.

ગાંધીનગર જીલ્લામાં ૨ ગામોમાં ૩૦ બહેનો ૧૦ બાળકો અને તારાપુર ગામના સરપંચે ગામોમાં જાહેર જગ્યા પર પ્રાથમિક શાળામાં લીમડો, કણજી, પીપળો, આસોપાલવનું વાવતેર કરી પર્યાવરણ દિનની ઉજવણી કરી.

અમદાવાદ જીલ્લાના આગેવાન બહેનોએ તેમના જ ગામમાં વ્રુક્ષોના મહત્વ વિષે સમજ આપી અને નીલગીર, આસોપાલવ, લીમડો અને ફૂલછોડના છોડવાઓનું વાવેતર કરી ૧૦ ગામોમાં ૩૦ બહેનોએ પર્યાવરણ દિનની ઉજવણી કરી.

છોટાઉદેપુર જીલ્લાના ૨૧૦ બહેનોએ ૭ ગામમાં પર્યાવરણ દિનની અલગ જ રીતે ઉજવણી કરી .આંબો અને લીમડા ના છોડ વાવ્યા પણ તે ઉપરાંત લાકડું આપણા જીવનથી મરણ સુધી ક્યાં ઉપયોગી થાય તે ગીત ગાઈને બહેનોને સમજ આપી . એ ગીત ના શબ્દો આ હતા ....

'એક વાત કહું છું મજાની આ લાકડાની છે કહાની ,  
જન્મતા જ આ દુનિયામાં .સુવડાવ્યો તને ઘોડિયામાં ,  
તારું ઘોડિયું બન્યું છે લાકડાનું ...આ લાકડાની કહાની  
નાને થી તું મોટો થયો ,મોટો થઇ તું રમવા ગાયો ,  
તારી ગીલ્લીદંડા બન્યા લાકડાના ...આ લાકડાની કહાની  
નાને થી તું મોટો થયો ,મોટો થઇ તું ભણવા ગાયો ,  
તારી સ્લેટ પાટી છે લાકડાની ..આ લાકડાની છે કહાની  
ભણીગણી ને તું યુવાન થયો ,યુવાનીમાં તું પરણવા ગયો ,  
તારી મંડપ ખુરશી લાકડાની .. આ લાકડાની છે કહાની  
યુવાની ગઈ તું ઘરડો થયો, લાકડી ટેકે ચાલવા ગયો.  
તારી લાકડી બની છે લાકડાની.. આ લાકડાની છે કહાની  
આંખ મીચી ખેલ ખતમ થયો, સુવડાવ્યો તને ઠાઠડી પર ,  
તારી ઠાઠડી બની છે લાકડાની .. આ લાકડાની છે કહાની  
ઊંચકીને તને સ્મશાને સુવડાવ્યો તને (ચિતા પર ) લાકડા પર  
તારી ચિતા બળી લાકડાની.. આ લાકડાની છે કહાની

મહેસાણા જીલ્લામાં ૧૨ ગામ ૧૩૫ સભ્યો એ લીમડો,

વડ, આસોપાલવ, બારમાસી જેવા છોડનું વાવેતર પોતાના ખેતરમાં અને જાહેર સ્થળોએ કરી વાવેતર કર્યું.

પાટણ જીલ્લાના દાલડી અને પાટણકા ગામમાં ઉપસરપંચ, SMC કમિટીના સભ્યો, સેવાના આગેવાન અને સ્કુલના બાળકો એ રેલી અને ગીત દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી કરી. અને ખાસ, લીમડા, જાંબુ અને નીલગીરીનું વાવેતર કર્યું. કુલ ૧૫૫ બહેનો અને બાળકો એ ભાગ લીધો. અને શાનુંના બાળકો તેમનામાં પર્યાવરણ વિષેના શિક્ષણને પ્રેક્ટીકલ જીવનમાં ઉતારી રહ્યા છે.

આણંદ જીલ્લામાં ૨૫ ગામમાં ૫૦ બહેનોએ તુલસી,લીમડો,સરગવો અને ડમરાનું વાવેતર કરી પર્યાવરણ દિનની ઉજવણી કરી. જે બહેનો તેને પોતાના ખોરાકમાં પણ ઉપયોગ કરે છે.

કચ્છ જીલ્લામાં ગામના ૪ આગેવાન બહેનોએ બાળકોને સાથે રાખી પર્યાવરણ દિનની ઉજવણી કરી જેમાં સરગવા, લીમડા અને અરડૂસાનું વાવેતર કર્યું.

અરવલ્લી જીલ્લામાં વન વિભાગ સાથે રહી આગેવાન બહેનોએ પર્યાવરણ દિનની ઉજવણી કરી તેમાં જાહેર સ્થળોએ લીમડા નું વાવેતર કર્યું .

આ ઉપરાંત આપણે સેવામાં ગવાતા ગીત વાપરો વિચારીને કયું કાપડ? કયો આહાર? કયું પાણી? તે ગીત પણ દરેક વખતે ગાઈને બહેનો ને સંદેશો આપતા હોઈએ છીએ.આપણા રોજીંદા જીવના માં જે વપરાશ કરીએ તેનો સદ ઉપયોગ કરી.આપણી ભવિષ્યની પેઢીને વારસામાં સારું વાતાવરણ આપીએ. અને એક નવો વારસો આપીએ.

૫ જૂન પર્યાવરણ દિનની ઉજવણી એ વૃક્ષારોપણની શરૂઆત કરવાનો દિવસ છે. અને ત્યારથી આપણે છોડ વાવવાની ઝૂંબેશને નિરંતર કરવાની છે. તો જ સાચો પર્યાવરણ દિવસની ઉજવણી કરી ગણાશે.

વન વિભાગ સાથે રહી પર્યાવરણ દિનની ઊજવણી કરતાં અરવલ્લી જિલ્લાના આગેવાન બહેનો પાટણ જીલ્લાના દાલડી ગામના બાળકો રમત દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી

કચ્છ જીલ્લાના આગેવાન અને માસ્ટર ટ્રેનર બાળકોને સાથે રાખી પર્યાવરણ ની ઉજવણી કરી.

**- છાયા**

❑

# સંગિની મંડળીના બાળકોનો વિદાય સમારંભ

સંગિની મંડળી દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી બાળકો માટે વિદાય સમારંભનો કાર્યક્રમ યોજવામાં આવે છે જે બાળકો બાલસેવા કેન્દ્રમાં ૨-૩વર્ષથી વધારે રોકાય છે તેમની માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ''વિદાય સમારંભ''એ સંપૂર્ણ પણે સ્થાનિક દાતાઓ, વાલીઓ, અગાઉ ભણીને ગયેલ બાળકોના વાલીઓ વગેરેના સપોર્ટથી કરવામાં આવે છે. દર વર્ષે એક કેન્દ્રમાંથી ૧૦થી ૧૨ બાળકો સ્કૂલમાં પ્રવેશ લે છે ને આ વર્ષે ૧૩૦ બાળકો આ વર્ષે ગયા છે. બાલસેવાના તમામ કેન્દ્રમાં દર વર્ષે આ કાર્યક્રમ યોજવામાં આવે છે. જેમાં બાળકોના માતા-પિતા અને ઘરના અન્ય સભ્યો જોડાય છે. દરમ્યાન વાલીઓ જે પોતાના બાળકો માટે અનુભવ્યુ છે તેમના મંતવ્યો આ પ્રમાણે આવેલ છે.

વટવા વિસ્તારના સિલાઈ કામદાર શહેનાઝ મો.રફીક પઠાણ કહે, મેરી અકશા એક સાલકી થી તબ સે વટવા ઘોડિયાઘર મેં આયી હૈ, તબ વહ બહુત રોતી થી, બાદ મેં ધીરે ધીરે સંભલ ગઇ. અભી અંક પઢના લીખના ભી શીખ ગઇ હૈં, અબ બહુત હોંશિયાર હો ગઇ હૈ.

નરોડા વિસ્તારના સૈજપુર બોઘામાં બંગલા કામ કરતાં સોનલબહેન રાઠોડ કહે, બાલ સેવાના કેન્દ્રમાં બાળકોને પાયાનું શિક્ષણ મળે છે તેથી મને ગર્વ છે કે મારું બાળક 'સેવા'ના કેન્દ્રમાં જવાથી ખૂબ જ હોંશિયાર બન્યુ છે. હું એરિયામાં બીજા વાલીઓને સમજાવું છું કે, તમારા બાળકોને પહેલાથી જ બાલસેવાના કેન્દ્રમાં મૂકો તેનાથી તમારી રોજગારીમાં પણ વધારો થશે.

અમારા ૩ બાળકો બાલસેવા કેન્દ્રમાં આવે છે આ બોલ પઠાણની ચાલીમાં રહેતાં ફ્રુટ વેચનાર કાજલબહેન પટણીના હતા. કહે, ૧૦થી ૪ અમારા બાળકોની કોઇ ચિંતા અમને

નથી હોતી. અહી સારી રીતે સાચવે છે પહેલાં તો અમારા બાળકોને ખાવા-પીવાની અને સ્વચ્છતાની ખબર પડતી નહોતી. અત્યારે બધી રીતે સ્વચ્છતા જાળવે છે. ઘરે ખાવાનું આપીએ તો ચમચી માંગે છે અમારા ટીચર કહે ખાધા પહેલા સાબુથી હાથ ધોઇને ખાવાનું કહે છે. બાળકો ખૂબ હોંશિયાર થઇ ગયા છે તેથી હું ખૂબ ખુશ છું.

કડિયાની ચાલી ચમનપુરાના લલીતાબહેન ઘરકામ કરે છે તેઓ કહે, કેન્દ્રમાં બાળકોને સારું ભણાવે છે મારી દીકરીને એબીસીડી, અંક, વારના નામ બોલતા પણ આવડી ગયું છે. હોંશિયાર થઇ ગઇ છે તે મને ખૂબ ગમે છે.

હસનજીની ચાલીમાં રહેતાં ફ્રુટ વેચનાર સંગીતાબહેન પટણી કહે, મારી સાક્ષી કોઇ આંગણવાડીમાં બેસતી ન હતી અને રડયા કરતી હતી. ૧ વર્ષથી બલસેવામાં આવી બેસતી થઇ, ખાવાનું ખાતી થઇ, બહારના પડીકા ખાતી હતી તે ઓછા થઇ ગયા છે તેથી પૈસા ઓછા વાપરે છે. મારા કામમાં વધુ સમય આપી શકુ છું તેથી મારી આવકમાં પણ વધારો થયો છે.

પોતાના બાળકો જેટલો સમય બાલસેવામાં રહયા ખૂબ જ હોંશિયાર થયા છે અને ભણ્યા છે. તેમજ શારિરીક, માનસિક અને બૌધિક વિકાસ થયો છે, તેવી વાત કરતાં વાલીઓ ખૂબ જ સંતોષકારક હતા અને ખુશી અનુભવતા હતા.

અંતમાં 'અમે પાર કરીશું' ગીત ગાઇ સૌ છૂટા પડયા.

**- પદ્મા**

સંગિની મંડળી

❑

# સેવા સમાચાર

તાજેતરમાં પાલડી ખાતે આવેલા મહેંદી નવાઝ જંગ હોલમાં 'સેવા' અકાદમી દ્વારા એક રાષ્ટ્રીય સંમેલન તથા મજૂર દિવસ અને રેડિયોએ ૧૫ વર્ષ સફળતા પૂર્વક પૂરા કર્યા તેની ઉજવણી યોજવામાં આવી. જેમાં રાષ્ટ્રીય સંમેલન 'સ્ત્રીસશક્તિકરણ અને સ્વાવલંબન એક વ્યૂહરચના' અંતર્ગત હતું.

આ કાર્યક્રમમાં ૨૦૦ સભ્ય બહેનોએ ભાગ લીધો, તેમજ સેવા અકાદમીનાં કાર્યકર બહેનો હાજર રહયા હતા. મહેમાનોમાં જજ શ્રી જ્યોત્સનાબહેન યાજ્ઞિક, ડૉ. રિદ્ધિબહેન, ટીસીએસના કિશન ગોપાલજી, સફાઇ વિદ્યાલયના દેવેન્દ્રભાઇ પારેખ અને ગાંધી વિચારોને આત્મસાત્ કરેલા એવા સી.એન. વિદ્યાલયના શ્રી બુદ્ધિધનભાઇ હાજર રહયા હતા.

કાર્યક્રમની શરૂઆત પાર્થનાથી થઇ. ત્યાર બાદ સામુદાયિક 'રૂડીનો રેડિયો' ટીમ દ્વારા નૃત્ય રજૂ કરવામાં આવ્યું.

આવેલ મહેમાનોએ સ્ત્રી કાયદાઓ અને તેના અમલીકરણ વિશે માહિતી આપી સમજમાં વધારો કર્યો. રાષ્ટ્રીય સ્તરે ગંભીરતાથી લેવામાં આવેલા અભિયાન જેવા કે, ''બેટી બચાવો બેટી પઢાવો'', ''ડિજીટલ ઇન્ડિયા'', ''રાઇટ ટુ એજ્યુકેશન'' અને ''સ્વચ્છતા અભિયાન'' કાર્યક્રમ વિશે ઉંડાણ પૂર્વક ચર્ચા કરવામાં આવી. આ ચર્ચામાં આંકડાકીય માહિતી અને શ્રોતાઓનાં પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા.

અમરેલી જિલ્લાના શ્રોતા ચંપાબહેન રવૈયા કહે, રેડિયો પ્રોગ્રામ કાયમ સાંભળું છું. ઘણું જાણવા મળે છે. ગામડાની ભાષામાં બોલતી બહેનો પોતીકી લાગે છે એટલે, 'રૂડીનો રેડિયો' પોતીકો લાગે છે. મેં અમારા ગામમાં ૩ શ્રોતા મંડળો બનાવ્યા છે. 'રૂડીનો રેડિયો' દ્વારા સાક્ષરતાનો કાર્યક્રમ સાંભળી ૪૫ વર્ષે ઘરે બેઠા ૧૨મું ધોરણ પાસ કર્યુ. ગામની બહેનોને કહું છું કે, ભણવાની કોઇ ઉંમર નથી હોતી જ્યારે સમય મળે ભણી શકાય છે. આમ સ્ત્રીસશક્તિકરણ કરું છું.

અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મોટી રાન્તાઇ ગામના ખેડૂત શાન્તાબહેન પટેલે 'રૂડીનો રેડિયા'ના પ્રતિભાવમાં જણાવ્યું કે, રેડિયોમાં ખેતીને લગતી, આરોગ્યને લગતી અને જુદા-જુદા તહેવારોની વાતો આવે છે તેમાંથી ઘણુ શીખવા મળે છે. એટલે મને આ કાર્યક્રમ સાંભળવો ખૂબ ગમે છે.

ઉપરાંત 'રૂડીનો રેડિયો'ને ૧૫ વર્ષ પૂરાં થયા તેમાં ટીમે જે અમૂલ્ય ફાળો આપ્યો હતો તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

❑

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
22-7-2019

# ચાલો આપણે સૌ સાથે મળી મેલેરીયા, ડેન્ગ્યુ ચિકનગુનિયા વિરુદ્ધ લડીએ

દર અઠવાડિયામાં એક દિવસ ''મચ્છર નાબૂદી દિવસ'' તરીકે ઝૂંબેશ હાથ ધરી પાણી સંગ્રહના તમામ પાત્રો જેવા કે માટલાં, બેડાં, પવાલી, ડ્રમ, કેરબા, ટાંકી, પક્ષીચાટ, ફ્રીજની ટ્રે વિગેરે પાત્રોને ખાલી કરી સાફ કરી સાફ કરી સુકવીને પાણી ભરવું. (કારણ કે મચ્છરના ઈંડા પાત્રોની દિવાલે ચોંટી રહેવાથી જે ફરીથી પાણી ભરાતા જીવીત થઇ જાય છે)

હંમેશા મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો. મચ્છરોના કરડવાથી બચવા માટે રીપ્લેન્ટ, કોઇલ, ઇલે. મેટનો ઉપયોગ કરવો.

પીવા અને અન્ય વપરાશ માટે રાખેલા પાણીના પાત્રોને હવાચુસ્ત ઢાંકેલા રાખો.

કોઇપણ તાવ મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા હોઇ શકે છે. જેથી તાવના લક્ષણો જણાય તો તાત્કાલિક ડૉક્ટરની સલાહ મુજબ સંપૂર્ણ સારવાર લેવી.

હાઉસ ટુ હાઇસ સર્વેની કામગીરી માટે આરોગ્ય કર્મચારી આપના ઘરની મુલાકાતે આવે ત્યારે પુરતો સાથ અને સહકાર આપવો.

કોઇ પણ પ્રકારની ફરીયાદ માટેડાયલ કરો ૧૫૫૩૦૩

**સાભારઃ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **22-7-2019**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001